આશ્રિતો વિનાના સક્ષમ પુખ્ત વયના લોકો (ABAWD) પ્રવૃત્તિ અહેવાલ
Able Bodied Adults Without Dependents (ABAWD) Activity Report

ગ્રાહકનું નામ	ગ્રાહકનો નંબર

તમારી આશ્રિતો વિનાના સક્ષમ પુખ્ત વયના લોકો (Able Bodied Adults Without Dependents, ABAWD) સ્થિતિની સમીક્ષા કરવામાં અમને મદદ કરવા માટે કૃપા કરીને આ ફોર્મ ભરો. કામ અને તાલીમ પ્રવૃત્તિઓ તમને અનુભવ અથવા શિક્ષણ મેળવતી વખતે અથવા રોજગાર શોધતી વખતે ભોજન સહાય (ફૂડ બેનિફિટ્સ) માટે પાત્ર રહેવામાં મદદ કરે છે.

<u>સૂચનાઓ:</u>

1. આ ફોર્મ પૂર્ણ કરવા માટે તમે જે એજન્સીઓ સાથે કામ કરી રહ્યા છો તેમને આપો.
2. આ ફોર્મ પર તમારા અને તમે જે એજન્સીઓ સાથે કામ કરી રહ્યા છો તેના દ્વારા સહી થયેલી હોવી જોઈએ.
3. આ ફોર્મ દર મહિને તેના પછીના મહિનાની 10મી તારીખ સુધીમાં સબમિટ કરો.
4. પૂર્ણ થયેલ ફોર્મ DSHS (Department of Social and Health Services, સામાજિક અને આરોગ્ય સેવાઓ વિભાગ)ને આ રીતે પરત કરો:
   - ફેક્સ દ્વારા: 1-888-338-7410 અથવા
   - તમારી સ્થાનિક કોમ્યુનિટી સર્વિસિસ ઓફિસ (Community Services Office, CSO)માં રૂબરૂ આપીને, અથવા
   - ટપાલ/મેઇલ દ્વારા: DSHS CSD Customer Service Center
PO Box 11699
Tacoma WA 98411-6699

<u>જાણવા જેવી મહત્વપૂર્ણ બાબતો:</u>

- તમારે દર મહિને મંજૂર કરેલ કામ અથવા તાલીમ પ્રવૃત્તિઓના 80 કલાક પૂર્ણ કરવાના રહેશે અથવા
- જો વર્કફેરમાં ભાગ લઈ રહ્યા છો, તો તમારા રેફરલ પત્રમાં તમારે પૂર્ણ કરવાના કલાકોની સંખ્યા આપેલી હશે.
- અઠવાડિયું રવિવારે શરૂ થાય છે અને પછીના શનિવારે સમાપ્ત થાય છે. કુલ માસિક કલાકો મહિનાની પહેલી તારીખથી મહિનાના છેલ્લા દિવસ સુધી ગણવામાં આવે છે. ઉદાહરણો માટે છેલ્લું પેજ જુઓ.

જો તમે જરૂરી તમામ કલાકો (કામ અને કામ સંબંધિત અન્ય પ્રવૃત્તિઓ) પૂર્ણ કરી શક્યા નથી, તો કૃપા કરીને તેનું કારણ(ઓ) જણાવો.

☐ હું આ મહિનાના તમામ કલાકો પૂર્ણ કરી શક્યો/શકી નથી કારણ કે (કૃપા કરીને સ્પષ્ટતા કરો):

મહિનાના રિપોર્ટ માટે કૃપા કરીને આગામી પેજ જુઓ.

Barcode label

01205

મહિનો	
ગ્રાહકનું નામ	ગ્રાહકનો નંબર

મંજૂર કરાયેલ પ્રદાતાઓ સાથે દરેક અઠવાડિયે પૂર્ણ કરેલા કલાકોની સંખ્યા દાખલ કરો.	**મહિનાના અઠવાડિયા**					**કુલ કલાકો**
	અઠવાડિયું 1	**અઠવાડિયું 2**	**અઠવાડિયું 3**	**અઠવાડિયું 4**	**અઠવાડિયું 5**	
નિરીક્ષણ હેઠળ જોબ શોધ						
નોકરી શોધવા માટેની તાલીમ						
શિક્ષણ પ્રવૃત્તિઓમાં નીચેનાનો સમાવેશ થાય છે: • સામાન્ય શિક્ષણ ડિગ્રી મૂળભૂત શિક્ષણ • ઇંગ્લિશ લેંગ્વેજ એક્વિઝિશન (English Language Acquisition, ELA)						
વ્યવસાયિક તાલીમમાં નીચેનાનો સમાવેશ થાય છે: શરણાર્થી કાર્ય કાર્યક્રમ						
નિરીક્ષણ હેઠળ જીવન કૌશલ્ય તાલીમ						
નોકરી જાળવી રાખવી						
વેતન વિનાનું કામ						
વર્કફેર						
કુલ કલાકો						

પહેલા પ્રદાતા:	અતિરિક્ત પ્રદાતા
હું પ્રમાણિત કરું છું કે ઉપર જણાવેલ ગ્રાહકે (ક્લાયન્ટે) ઉપર વર્ણવેલ સમયગાળા માટે દર્શાવેલ કલાકો પૂરા કર્યા છે.	હું પ્રમાણિત કરું છું કે ઉપર જણાવેલ ગ્રાહકે (ક્લાયન્ટે) ઉપર વર્ણવેલ સમયગાળા માટે દર્શાવેલ કલાકો પૂરા કર્યા છે.
પ્રવૃત્તિના સ્થળનું નામ	પ્રવૃત્તિના સ્થળનું નામ
પ્રવૃત્તિઓ	પ્રવૃત્તિઓ
સહી	સહી

☐ **હું હાલમાં કામ કરી રહ્યો/રહી છું; આ નોકરી અંગે DSHSને જાણ કરવામાં આવી છે અને મારા કામના કલાકોમાં કોઈ ફેરફાર થયો નથી.**

(જો તમારી પાસે એવી નોકરી હોય જેની માહિતી અગાઉ DSHSને આપવામાં આવી ન હોય, તો નીચે મુજબના પુરાવા આપો: તમારા નોકરીદાતાનું નામ અને ટેલિફોન નંબર; પગારનો દર; શરૂઆતની તારીખ; દર અઠવાડિયે કામ કરેલા કલાકો; પગારનો સમયગાળો ક્યારે પૂરો થાય છે; પગાર મળવાની તારીખો; અને જો ટીપ અથવા કમિશન ચૂકવવામાં આવતું હોય, તો તેની અપેક્ષિત રકમ.)

☐ **હું હાલમાં WIOA (Workforce Innovation and Opportunity Act, કાર્યબળ નવીનતા અને તક અધિનિયમ) મંજૂર થયેલા પ્રોગ્રામમાં છું અને મારા કામના કલાકોમાં કોઈ ફેરફાર થયો નથી.**

હું જાહેરાત કરું છું કે આ ફોર્મના તમામ પેજ પર મારા દ્વારા આપવામાં આવેલી માહિતી સત્ય અને પૂર્ણ છે.

ગ્રાહકની સહી	સહી કર્યાની તારીખ

Barcode label

01205

ABAWD પ્રવૃત્તિ રિપોર્ટના વર્ણનો અને ઉદાહરણો

નીચે આપેલા વર્ણનો એવી પ્રવૃત્તિઓની ઓળખ કરવામાં મદદ કરે છે જે તમારી સહભાગિતામાં ગણાય છે. જો કોઈ મંજૂર થયેલ પ્રોગ્રામ તેમની દેખરેખ રાખતો હોય તો જ આ પ્રવૃત્તિઓ ગણવામાં આવે છે. આ પ્રોગ્રામ્સ વિશે વધુ જાણવા માટે આ વેબસાઇટની મુલાકાત લો: https://www.dshs.wa.gov/ABAWDprograms.

નિરીક્ષણ હેઠળ જોબ શોધ - તમને રોજગાર શોધવામાં મદદ કરે છે. પ્રવૃત્તિઓમાં શામેલ છે: પ્રવૃત્તિઓ સામેલ છે:

- સંભવિત નોકરીદાતાનો સંપર્ક કરવો
- નોકરીઓની સૂચિઓ (જગ્યાઓ) શોધવી
- IDs (Identity Document, ઓળખકાર્ડ), વ્યાવસાયિક લાઇસન્સ અથવા પ્રમાણપત્રો મેળવવાં

નોકરી શોધવા માટેની તાલીમ –તમને રોજગાર શોધવા અને મેળવવામાં મદદ કરે છે. સેવાઓમાં સામેલ છે:

- રેઝ્યૂમે લખવું, ઇન્ટરવ્યુ કૌશલ્ય, માસ્ટર એપ્લિકેશન તૈયાર કરવી
- રોજગાર શોધવા સંબંધિત માર્ગદર્શન અને સહયોગ
- કાર્યસ્થળ વર્કશોપ અને કારકિર્દી આયોજન

મૂળભૂત શિક્ષણ – તમારી રોજગાર મેળવવાની ક્ષમતા વધારવામાં મદદ કરે છે. પ્રવૃત્તિઓ સામેલ છે:

- કોમ્પ્યુટરનું પ્રાથમિક જ્ઞાન, વાંચન અથવા ગણિત સંબંધિત મદદ
- હાઇ સ્કૂલ સમકક્ષતા (અગાઉ GED (General Educational Degree, જનરલ એજ્યુકેશન ડિગ્રી) તરીકે ઓળખાતું)
- વયસ્કો માટે મૂળભૂત શિક્ષણ (Basic Education for Adults, BEA)
- ઇંગ્લિશ લેંગ્વેજ એક્વિઝિશન (ELA)

જીવન કૌશલ્ય – કામ કરવાના અને દૈનિક જીવનના પડકારો તથા માંગોને પહોંચી વળવાની તમારી ક્ષમતામાં વધારો કરે છે. કેટલાક વર્કસોર્સ સ્થળો અને બેઝિક ફૂડ એમ્પ્લોયમેન્ટ એન્ડ ટ્રેનિંગ પ્રદાતાઓ આ સેવાઓ પૂરી પાડે છે.

વ્યાવસાયિક શિક્ષણ – વેલ્ડિંગ અથવા કોમ્પ્યુટર પ્રોગ્રામિંગ જેવી વિશિષ્ટ તાલીમની જરૂર હોય તેવા પ્રોગ્રામ્સ પૂરા પાડે છે. આ પ્રોગ્રામ્સના પરિણામે માન્યતા પ્રાપ્ત પ્રમાણપત્રો મળે છે. આ પ્રવૃત્તિ હોવી જોઈએ:

- પ્રમાણિત
- સ્વતંત્ર તૃતીય પક્ષ દ્વારા માન્યતા પ્રાપ્ત
- સ્થાનિક ઉદ્યોગના માલિકો દ્વારા સ્વીકૃત

નોકરી જાળવી રાખવા માટેની સેવાઓ – બેઝિક ફૂડ એમ્પ્લોયમેન્ટ એન્ડ ટ્રેનિંગ પ્રોગ્રામ દ્વારા નોકરી કરતા વયસ્કોને કાર્યક્ષમતા સુધારવા અને આવક વધારવામાં મદદ કરે છે અને સહયોગ આપે છે. પ્રવૃત્તિઓમાં સામેલ હોઈ શકે છે:

- કાઉન્સેલિંગ અથવા કોચિંગ
- કેસ મેનેજમેન્ટ
- નોકરી જાળવી રાખવા સંબંધિત ખર્ચમાં સહાય

વર્કફેર - નોકરી માટેના મૂળભૂત કૌશલ્ય અને આત્મવિશ્વાસ કેળવીને એકંદર રોજગાર ક્ષમતા વધારવા માટે ABAWDs માટેની એક સ્વૈચ્છિક પ્રવૃત્તિ છે. સહભાગીઓએ વર્કફેર સ્થળો પર દર મહિને નિશ્ચિત કલાકો માટે સ્વયંસેવક તરીકે કામ કરવું જરૂરી છે. DSHS દ્વારા ABAWDsને વર્કફેર સ્થળો પર મોકલવામાં આવશે.

વેતન વિનાનું કામ– આ રાજ્ય, સ્થાનિક, ધાર્મિક અથવા સામાજિક બિન-નફાકારક સંસ્થામાં સ્વયંસેવક બનીને સહભાગિતાની જરૂરિયાતો પૂરી કરવા માટે ABAWD માટેની એક તક છે. વેતન વિનાનું કામ સમુદાયમાં અન્ય સ્વરૂપોમાં પણ હોઈ શકે છે.

Barcode label

01205

DSHS 01-205 ફોમં કેવી રીતે ભરવું તેના ઉદાહરણો

ઉદાહરણ એક: એક પ્રદાતા સાથે એક પ્રવૃત્તિ.

જો 1 જૂન શનિવારે હોય, તો અઠવાડિયા 1માં એક દિવસ રહેશે. પછીના ચાર (4) અઠવાડિયામાં દરેક સાત (7) દિવસના રહેશે. અંતિમ દિવસ, 30 જૂન, રવિવારે રહેશે. અંતિમ અઠવાડિયામાં એક દિવસ રહેશે.

મંજૂર કરાયેલ પ્રદાતાઓ સાથે દરેક અઠવાડિયે પૂર્ણ કરેલા કલાકોની સંખ્યા દાખલ કરો.	**મહિનામાં અઠવાડિયાં**					**કુલ કલાકો**
	અઠવાડિયું 1	**અઠવાડિયું 2**	**અઠવાડિયું 3**	**અઠવાડિયું 4**	**અઠવાડિયું 5**	
નિરીક્ષણ હેઠળ જોબ શોધ (Job Search, JS)						
નોકરી શોધવા માટેની તાલીમ (Job Search Training, JT)						
શિક્ષણ પ્રવૃત્તિઓમાં નીચેનાનો સમાવેશ થાય છે: • જનરલ એજ્યુકેશન ડિગ્રી (GED) • મૂળભૂત શિક્ષણ • બીજી ભાષા તરીકે અંગ્રેજી (English as a Second Language, ESL)	**2**	**13**	**33**	**20**	**15**	**85**

ઉદાહરણ બે: બે પ્રદાતાઓ સાથે એકથી વધુ પ્રવૃત્તિઓ.

મંજૂર કરાયેલ પ્રદાતાઓ સાથે દરેક અઠવાડિયે પૂર્ણ કરેલા કલાકોની સંખ્યા દાખલ કરો.	**મહિનામાં અઠવાડિયાં**					**કુલ કલાકો**
	અઠવાડિયું 1	**અઠવાડિયું 2**	**અઠવાડિયું 3**	**અઠવાડિયું 4**	**અઠવાડિયું 5**	
નિરીક્ષણ હેઠળ જોબ શોધ (JS)			**5**	**5**		**10**
નોકરી શોધવા માટેની તાલીમ (JT)	**5**	**5**				**10**
શિક્ષણ પ્રવૃત્તિઓમાં નીચેનાનો સમાવેશ થાય છે: • જનરલ એજ્યુકેશન ડિગ્રી (GED) • મૂળભૂત શિક્ષણ • બીજી ભાષા તરીકે અંગ્રેજી (ESL)	**15**	**15**	**15**	**15**		**60**
કુલ કલાકો	**20**	**20**	**20**	**20**		**80**

પહેલા પ્રદાતા:	અતિરિક્ત પ્રદાતા
હું પ્રમાણિત કરું છું કે ઉપર જણાવેલ ગ્રાહકે (ક્લાયન્ટે) ઉપર વર્ણવેલ સમયગાળા માટે દર્શાવેલ કલાકો પૂરા કર્યા છે.	હું પ્રમાણિત કરું છું કે ઉપર જણાવેલ ગ્રાહકે (ક્લાયન્ટે) ઉપર વર્ણવેલ સમયગાળા માટે દર્શાવેલ કલાકો પૂરા કર્યા છે.
પ્રવૃત્તિના સ્થળનું નામ **વર્કસોર્સ ઓબર્ન**	પ્રવૃત્તિના સ્થળનું નામ **ગ્રીન રિવર કમ્યુનિટી કોલેજ**
પ્રવૃત્તિઓ **JS / JT**	પ્રવૃત્તિઓ **મૂળભૂત શિક્ષણ**
સહી **John Doe, BFET પ્રદાતા**	સહી **Jane Doe, BFET પ્રદાતા**

Barcode label